મોડાસા-મેઘરજમાં નાતાલ પર્વ ઉજવાયું

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરમાં ખ્રિસ્તીઓના પવિત્ર પર્વ નાતાલનો તહેવાર ધામધૂમ પૂર્વક ઉજવ્યો હતો. નાતાલના પર્વના પગલે ખ્રિસ્તી પરિવારના ઘર ઉપર ઝગમગતા સ્ટાર ડેકોરેશન સાથે ક્રિસમસ ટ્રી લગાવી ઝળહતી રોશની સાથે દેવાલયો ઝગમતી ઉઠયા હતા. મોડાસા શહેરમાં ગુરુવારની રાત્રની સમયે પ્રેમ અને શાંતિનો સંદેશો લઈને આવતા શાંતાક્લોઝનો વેશ ધારણ કરી શહેરના વિવિધ માર્ગો પર મુલાકાત લઈ બાળકોને ચોકલેટ સહિત વિવિધ ગિફ્ટ આપી આશ્ચર્યચકિત કરી દીધા હતા. સમાજસેવી નિલેષભાઈ જોષી અને બાળકોને શાંતાક્લોઝને હર્ષોલ્લાસથી આવકારી લીધો હતો. અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં સરકારી રેફરલ હોસ્પિટલ ખાતે ૧૦૮ ઈમર્જન્સી સેવાના સ્ટાફ મિત્રો (ઈએમઈ) નરેશ ડાભી, (ઈએમટી) કપિલા આર વણકર, મનિષા દવે, દિનેશ ડામોર અને પાયલોટ નરપતસિંહ સહિત હોસ્પિટલ સ્ટાફ દ્વારા શાંતાક્લોઝનો વેશ ધારણ કરી દર્દીઓને ઝડપથી બિમારી મટવાની સાથે સાથે સ્વાસ્થ્ય સારુ રહે તેવી ચોકલેટ આપી શુભેચ્છા પાઠવી નાતાલની ઉજવણી કરી હતી.

થરામાં રવિવારે રાત્રે વેપારીની હત્યામાં ખુલ્યા અનેક રાજ : હત્યાનું કારણ શરમજનક

દિયોદર, તા. ૨૫

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરામાં રવિવારની રાત્રીએ શક્તિ એગ્રો સેન્ટરની દુકાન ધરાવતા હર્ષદભાઈ અંબાલાલ પટેલ થરા બસ સ્ટેન્ડ આગળના ભાગે ઈજાગ્રસ્ત હાલતમાં જોવા મળી આવ્યા હતા. જેમાં રાત્રી સમય પેટ્રોલીંગ કરી રહેલા હોમગાર્ડ દ્વારા ઈજા ગ્રસ્ત વેપારીને ૧૦૮ દ્વારા સારવાર અર્થે થરા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેમાં તેમનું સારવાર દરમિયાન મોત નિપજતાં મૃતકના ભાઈએ થરા પોલીસ મથકે અજાણ્યા શખ્સો વિરુદ્ધ ગુન્હો નોંધાવ્યો હતો. જેમાં થરા પોલીસે ગુન્હો દાખલ કરી ગુનાહિત જગ્યા ઉપર તપાસ હાથ ધરી હતી.

તેમજ થરા પોલીસે એફએસએલ તથા ડૉગ સ્કોડની મદદ લઈ તપાસ શરુ કરતા મૃતકનો મોબાઈલ અને બાઈક ગુમ હોવાનો ઘટસ્ટોટ થયો હતો. જેમાં થરા પીએસઆઈ એન.એન. દેસાઈ તથા પો.હિ પી.એસ.આઈ. ભાવેશભાઈ કરામટ દ્વારા આ હત્યાના મુળ સુધી પહોંચવા માટે મૃતકનો મોબાઈલ લોકેશન આધારે તપાસ શરુ કરી હતી. જેમાં મૃતકના મોબાઈલનું લોકેશન ભાભર તાલુકાના કપરુપુર ખાતે આવતું હોવાથી થરા પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી હતી. જેમાં કપરુપુર ગામે રહેતા ઝાલા સુરેન્દ્રસિંહ ગણપતસિંહની અટકાયત કરી હતી. જેમાં ઝડપાયેલ આરોપીની થરા પોલીસે સઘન પુછપરછ હાથ ધરતા મૃતક હર્ષદભાઈ પટેલ રવિવારની રાત્રીએ આરોપી સમક્ષ સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય આચરવાની માગ કરતો હતો જેમાં બંને વચ્ચે ઝપાઝપી થતા આરોપીએ પથ્થર વડે હર્ષદભાઈ પટેલ ઉપર હુમલો કર્યો હતો. જેમાં તેમનું બાઈક તથા મોબાઈલ લઈ ફરાર થઈ ગયો હતો જે ગુન્હામાં પોલીસે આરોપીને ઝડપી પાડ્યો છે અને કોર્ટમાં રજૂ કરી વધુ રિમાન્ડની માંગણી ધરી છે.

રવિવારે રાત્રે હર્ષદભાઈ પટેલ ઉપર હુમલો કરી મોત નિપજાવેલ આરોપીની મોબાઈલ લોકેશન આધારે તપાસ કરી અટકાયત કરી છે. જેમાં મૃતક આરોપી પાસે સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય આચરવાની માગણી કરતો હતો જેમા આરોપી અને મૃતક વચ્ચે બોલાચાલી તથા આરોપીએ પથ્થર વડે હુમલો કરી મોત નિપજાવેલ છે. જેમાં આરોપીની અટકાયત કરી છે અને વધુ તપાસ ચાલુ છે.

મોડાસાના ટીંટોઈ ગામમાં ગંદકીથી રહીશો ત્રાહિમામ

મોડાસા, તા. ૨૫

મોડાસાતાલુકાના ટીંટોઈ ગામે અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય સર્જાયું છે. ગામના રસ્તાઓ ઉપર ફેલાયેલી ગંદકીથી રાહદારીઓ સહિત માર્ગ પાસે રહેઠાણ ધરાવતા રહીશો પારાવાર પરેશાનીનો ભોગ બની રહયા છે. જયારે ગામના વણકરવાસથી પાણીયારા કૂવા માર્ગ ઉપરની ગંદકી સત્વરે હટાવી લેવાના ટીડીઓના આદેશને પણ વહીવટદારો ગોળીને પી જતાં ભારોભાર રોષ વર્તાઈ રહયો છે.

દેશ અને રાજયમાં કરોડો રૂપિયાના ખર્ચે સ્વચ્છતા અભિયાન હાથ ધરાઈ રહયું છે. વહીવટી તંત્રના અધિકારીઓ પણ કાગળ ઉપર જીલ્લો અને તાલુકો ચોખ્ખોચટ્ટ બતાવી રહયા છે. ત્યારે સ્વચ્છતા ઝુંબેશની ગુલબાંગો વચ્ચે મોડાસા તાલુકાના કેટલાય ગામોમાં ગંદકી રસ્તા ઉપર ઉભરાઈ આવી સરકારી જાહેરાતોની જાણે હાંસી ઉડાવી રહી હોય એમ ઠેરઠેર પથરાઈ રહી છે. મોડાસા તાલુકાના ટીંટોઈ ગામના વણકરવાસથી પાણીયારા કુવા માર્ગ ઉપર જામેલા ગંદકીના ઢેર થી માત્ર માર્ગ ઉપરથી નીકળવું દોહયલું બન્યું નથી. પરંતુ માર્ગની આસપાસના રહીશો અસહ્ય ગંદકીથી ફેલાતી બીમારીઓનો પણ ભોગ બની રહયા છે.

ટીંટોઈ ગામના વણકરવાસ ફળીયામાં ફેલાયેલી અસહ્ય ગંદકી થી વાજ આવી દુધાભાઈ વણકર, જયરામ પ્રણામી સહિત ના રહીશોએ રોગચાળોની દહેશત વ્યક્ત કરી માર્ગ ઉપર ફેલાયેલી પારાવાર ગંદકી દૂર કરવા પંચાયતથી માંડી તાલુકા વિકાસ અધિકારીનું લેખીત ધ્યાન દોર્યું હતું.

ટીંબા તળાવ ગામની દૂધ મંડળીના ૧૦ હોદ્દેદારો સામે ઉચાપતની ફરિયાદ

તલોદ, તા. ૨૫

તલોદ તાલુકાના ટીંબા તળાવ ગામની દૂધ મંડળીના માજી ચેરમેન અને ચેરમેન તથા અન્ય ૧૦ વ્યક્તિઓએ મળી મંડળીમાં હજારો રૂપિયાની કાયમી ઉચાપત કરી હોવાની ફરિયાદ જિલ્લા રજીસ્ટ્રાર કચેરીના સબ ઓડિટરએ તલોદ પોલીસ દફતરે નોંધાવેલ છે.

ટીંબા તળાવ દૂધ ઉ.સ. મંડળીના પૂર્વ ચેરમેનને તા. ૧.૪.૧૩ થી ૩૧.૩.૧૪ સુધીના સમયગાળા દરમિયાન મંડળીના રૂા. ૫૫૧૯૩/- પોતાના અંગત ઉપયોગ માટે વાપરી નાખી કાયમી ઉચાપત કરી હોવાનું ઓડિટ દરમિયાન ધ્યાનમાં આવેલ. તે જ રીતે ચેરમેનને તા. ૨૩. ૧૧. ૧૩ ના રોજ રૂા. ૧૦ હજારની હંગામી ઉચાપત કરી હતી. આ બે હોદ્દેદારોને અન્ય ૧૦ વ્યક્તિઓએ મદદગારી કરી હોવાનો દાવો કરીને કુલ ૧૨ આરોપીયો સામે ફરિયાદ નોંધવામાં આવેલ છે.

ધોળકા ખાતે મેગા મેડિકલ કેમ્પ યોજાયો

પૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઈના જન્મદિન નિમિત્તે ધોળકા ખાતે મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ મેગા આરોગ્ય કેમ્પને ખુલ્લો મુકયો હતો. રાજય સરકાર આર્થિક રીતે નબળા લોકોને આરોગ્યલક્ષી સેવાઓ વિનામૂલ્યે પુરી પાડે છે ત્યારે સરકારની આરોગ્ય સેવાઓનો મહત્તમ લાભ લેવા અનુરોધ કરતાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજય સરકારની અનેકવિધ યોજનાઓઓ લાભ લેવો જોઈએ. આ મેગા કેમ્પમાં તમામ પ્રકારની સુવિધાઓ વિનામૂલ્યે પ્રાપ્ત થવાની છે ત્યારે આર્થિક રીતે નબળા તથા બી.પી.એલ. લાભાથીઓને અદ્યતન ટેકનોલોજીની સુવિધા ઘરઆંગણે પ્રાપ્ત થઈ છે તેનો મહત્તમ લાભ લેવો જોઈએ.

રાજય સરકાર દ્વારા મોટા મોટા ઓપરેશનો પણ વિનામૂલ્યે કરી આપવામાં આવે છે. શાળા આરોગ્ય ચકાસણી દરમિયાન ધ્યાનમાં આવતા નબળા બાળકોને પણ તમામ સારવાર રાજય સરકાર કરાવી આપે છે તે માટે જાગૃતિ કેળવી આરોગ્ય અધિકારીને મળી લાભાન્વિત થવા ચુડાસમાએ અનુરોધ કર્યો હતો.

પોંગલુના એસ.આર.પી. જવાનનું અકસ્માત બાદ સારવાર દરમિયાન મોત

મૃતકને પરિવારમાં પત્ની, પાંચ વર્ષની દીકરી અને દોડ મહિનાનો પુત્ર : અકસ્માત બાદ છેલ્લાં એક મહિનાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા : મૃતકને એસ.આર.પી. દ્વારા શ્રદ્ધાજંલી સલામી આપવામાં આવી

પ્રાંતિજ, તા. ૨૫

પોંગલુ ગામનો દીકરો અને પાંચ વર્ષથી એસ.આર.પી.માં મહેસાણા ખાતે ગ્રુપ-૧૫ કંપનીમાં ફરત બજાવતો ૨૭ વર્ષના યુવાનનું અકસ્માત બાદ સારવાર દરમિયાન મોત થયુ હતું.

પોંગલુ ગામના સરદારસિંહ સોમસિંહ મકવાણા ઉ.વ.૨૭ કે જેવો છેલ્લાં પાંચ વર્ષથી મહેસાણા ખાતે એસઆરપીમાં ફરજ બજાવતા હતા જયારે તેઓ ફરજ દરમિયાન રાત્રીના સમયે બાઈક ઉપર ડ્યુટીથી એસઆરપી કોર્ટસમાં જતા હતા તે સમયે અકસ્માત સર્જાયો હતો જેમાં તેમને શરીરે વત્તાઓછી ઈજાઓ સહિત માથામાં અને પગનાં ભાગે ઈજાઓ તથા ફ્રેંક્ચર તથા કીડની ઉપર અસર થતાં તેમણે મહેસાણા અને ત્યાંથી અપોલો અને ત્યાંથી હિંમતનગર ખાતે આવેલ મેડીસ્ટ્રારમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયાં તેમનું ૨૨ દિવસ બાદ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

જયારે મૃતકને પરિવારમાં પત્ની, પાંચ વર્ષની દીકરી અને દોડ મહિનાનો પુત્ર છે. જયારે તેમના મોતના સમાચાર સગાસંબંધીઓ સહિત ગ્રામજનોને મળતાં લોકો વહેલી સવારથી તેમનાં ઘરે ઉમટી પડ્યા હતા અને સ્મશાન યાત્રામાં હજારો લોકો જોડાયા હતા. જયારે તેમની સ્મશાનયાત્રા પહેલાં તેમણે મહેસાણા એસ.આર.પી., પીએસઆઈ નિમાવત સહિત બટાલિયન દ્વારા મૃતકને શ્રદ્ધાંજલિ સલામી આપવામાં આવી હતી.

પાલનપુરના ખોડલા ગામે દારૂના વ્યસનને આપ્યો જાકારો

ગામમાં દારૂ બનાવનાર સહિત પીનારકને દંડની કરી જોગવાઈ

પાલનપુર, તા. ૨૫

પાલનપુર સહિત બનાસકાંઠા જિલ્લાના દારુબંધીને નાબૂદ કરવા લોકો સ્વયંભૂ આગળ આવ્યા છે. ત્યારે પાલનપુર તાલુકાના ખોડલા ગામના પ્રજાજનોએ પણ સ્વયંભૂ એકઠા થઈ ગુરુવારે ગામમાં વ્યસન મુક્તિ માટે મીટીંગ યોજી ગામમાંથી દારૂના વ્યસનને તિલાંજલી આપવાનો નિર્યણ કર્યો છે.

પાલનપુર પંથકમાં દારૂની લતના કારણે કેટલાય યુવાનોએ જીવ ગુમાવ્યો છે. તેમજ કેટલાય ઘર દારૂના વ્યસનથી વિખેરાઈ ગયા છે ત્યારે હવે લોકો ગ્રામજનો ખુદ જાગૃત થઈ ગામમાં દારૂબંધી કરવાનો નિર્ણય લઈ રહ્યા છે. ત્યારે આજરોજ ગુરુવારે સવારે પાલનપુર તાલુકાના ખોડલા ગામના ગ્રામજનો દારૂના વ્યસનની મુક્તિ માટે એકઠા થયા હતા અને ગામમાં દરેક સમાજના આગેવાનોએ ગામમાંથી દારૂના વ્યસનને ગામમાંથી નાબૂદ કરવા

એકસૂર પુરાવ્યો હતો. મીટીંગમાં ગ્રામજનો અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં ૨૫ ડિસેમ્બરથી ગામમાં દારૂ પર પ્રતિબંધ લગાવવાનું સ્વેચ્છાએ નક્કી કરવામાં આવ્યું છે. જેમાં ગામમાં દારૂ પાનાર અને વેચનારને ૫૧૦૦ રૂા.નો દંડ, દારૂ પીનાર ઈસમને ૨૫૦૦ રૂા.નો દંડ તેમજ દારૂડીયાના જામીન ન થવા પર પણ ગ્રામજનો એ ભાર મૂક્યો હતો.

આ બેઠકમાં ગામના સરપંચ પરાગભાઈ આર. જુડાળ, ડે. સરપંચ જીવરામભાઈ બોકા, શાંતુભાઈ ધુડીયા, સોમાભાઈ મુજડીયા, કેશરભાઈ યુ. જુડાળ, પરથીભાઈ ફુવા, લાલજીભાઈ જુડાળ, કનુભાઈ ઠાકોર સહિત દરેક સમાજા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કુંડોલપાલ ગામની સગીર વયની યુવતીનું અપહરણ

ભિલોડા,તા. ૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કુંડોલ-પાલ ગામની સગીર વયની યુવતીને લલચાવી-ફોસલાવી બદઈરાદા પુર્વક લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરાતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ વિજયનગર તાલુકાના કણાદર ગામના શંકરભાઈ મરતાજી ભરાડાએ કુંડોલ-પાલ ગામની સગીર વયની યુવતીને લલચાવી-ફોસલાવી બદકામ કરવાના બદઈરાદા પુર્વક લગ્નની લાલચ આપી અપહરણ કરી ભાગી જતાં યુવતીના પિતાએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે કાર્યવાહી હાથ ધરેલ છે.

વેજપુર ગામની પરણીતાએ સાસરીયાઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવી

ભિલોડા,તા. ૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વેજપુર ગામની પરણીતાએ લગ્ન જીવનના દોઢ વર્ષ દરમ્યાન સાસરીયાઓ ધ્વારા શારીરીક, માનસિક ત્રાસ ગુજારતા સાસરીયાઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશનના આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ વેજપુર ગામની પરણીતા જયશ્રીબેન છગનભાઈ ડામોરને તેના પતી સુરેશભાઈ નિનામા અને સાસુ રમીલાબેન નિનામા પરણીતા જયશ્રીબેનને લગ્ન જીવનના દોઢ વર્ષ દરમ્યાન શારીરીક, માનસિક ત્રાસ ગુજારી મ્હેણાં-ટોણાં મારી જયશ્રીબેનને કહેતા કે તુ તલાટી કમ મંત્રીની નોકરી છોડી દે અવનવા મુદ્દાઓ બનાવી શારીરીક માનસિક ત્રાસ ગુજારતા હતા.

ઉમદા અભિયાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રીન સીટીની આગવી ઓળખ ધરાવતા ગાંધીનગરમાં આમ પણ હરિયાળી સામે ખતરો મંડરાયો છે. ત્યારે વિકાસ કામો વચ્ચે વૃક્ષોની કટોતીનુ પ્રમાણ પણ વધતા પ્રકૃતિપ્રમીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. આવા સંજોગોમાં શહેરની હરિયાળીને જાહેરખબરનુ માધ્યમ બનાવવા વેપારીઓ દ્વારા પોતાના વેપાર ધંધાની જાહેરાત માટે વૃક્ષોના થડ પર બેનર પેમ્ફલેટ તેમજ હોર્ડીંગ્સ લગાડવા આડેધડ ખિલ્લા ઠોકી દેવામાં આવે છે. જેના પરિણામે વૃક્ષોના અસ્તિત્વ સામે ખતરો મંડરાય છે. જયારે આ અમાનુષી હરકતના લીધે હરિયાળા વૃક્ષોની તંદુરસ્તી જોખમાતા રોગ થાય છે.નિર્દોષ વૃક્ષોને વેદના સહન કરવી પડે છે. જયારે વૃક્ષોનુ આયુષ્ય પણ ઘટે છે. આમછતા વૃક્ષોને બિન્દાસ્ત રીતે ખિલ્લા ઠોકી દેવામાં આવે છે. શિક્ષિત સમાજના સભ્યોની ઓ હરકતથી નગરના યુવાનો તેમજ પ્રકૃતિ પ્રમીઓમાં ભારોભાર નારજગી વ્યાપી છે. વૃક્ષોને આ વેદનામાંથી ઉગારવાનુ ઉમદા કાર્ય નગરના સંસ્કાર ગૃપના યુવાનો દ્વારા કરવામાં આવી રહયુ છે. ગૃપના તુષાર દવે,જય ગંધર્વ અને શ્રેય ભટ્ટ સહીતના યુવાનોએ શહેરના વૃક્ષોને ખિલ્લામુકત કરવાનુ બીડુ ઝડપ્યુ છે. ગઈકાલે પણ આ યુવાનોની ટીમ દ્વારા મુખ્ય માર્ગો પરથી વૃક્ષોમાંથી ૨૦૦ જેટલા ખિલ્લા દુર કરવામાં આવ્યા હતા.યુવાનોના જણાંવ્યા મુજબ આગામી તા ૧૪ જાન્યુઆરી સુધી આ અભિયાન ચાલુ રહેશે. પ્રકૃતિની વેદના સંવેદનાની દરકાર લેતા આ યુવાનો પાટનગરના શિક્ષિતસમાજથી નારાજ છે. તેમના મતે વૃક્ષોરૂપી દેવથી માનવજીવનનો પ્રત્યેક શ્વાસ ચાલે છે. ત્યારે વૃક્ષોની માવજત અને તેના ઉછેર માટે નગરજનોએ સતત પ્રયત્નશીલ રહેવુ જોઈએ. ભગવાન ઈસુ ખ્રીસ્તની જેમ વૃક્ષો પણ માણસની આ ભુલને માફ કરી દે છે. પરંતુ તડકી છાયડીમાં અડીખમ ઉભા રહીને તંદુરસ્તી આપતા વૃક્ષોની સેહત ખરાબ કરવાની આ હરકતો બંધ થાય તેવી અપેક્ષા સાથે આ યુવાનોની ટીમ નગરજનોને વૃક્ષ બચાવોની અપીલ કરે છે.

અપગ્રેડ થશે.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરના ધારાસભ્ય અશોક પટેલ, શંભુજી ઠાકોર ગુડાના ચેરમેન આશિષ દવે,પુર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, ડેપ્યુટી મેયર કાર્તિક પટેલ સહીતના મહાનુભાવો વેપારીઓ તેમજ નગરના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા. આઈ ટી એકસ્પોના પ્રારંભે ગુડાના ચેરમેન આશિષ દવેએ જણાંવ્યુ હતુ કે આજની દુનિયા આંગળીના ટેરવે ચાલે છે.પ્રધાનમંત્રીનુ આઈ ટીનુ સ્વપ્ન સાકાર કરવા આઈ ટી કંપનીની ભુમિકા મહત્વની છે. ત્યારે શહેરના આંગણે આયોજિત આ આઈ ટી એકસ્પોને સ્માર્ટ આઈ ટી નામ આપાવામાં આવ્યુ તે પણ પ્રશંસનીય બાબત છે. આ એકસ્પોના માધ્યમથી આઈ ટી ક્ષેત્રે થયેલી શોધો અંગે એક જ સ્થળેથી નગરજનોને માહીતી મળી રહેશે. ધારાસભ્ય અશોક પટેલે પણ સ્માર્ટ આઈ ટી એકસ્પોના આયોજનને બિરદાવ્યુ હતુ.

ડેપ્યુટી મેયર કાર્તિક પટેલે પણ આઈ ટી એકસ્પોના આયોજનને આવકારી ગત વર્ષો ની સાપેક્ષમાં આઈ ટી ક્ષેત્રે યુવાનો તેમજ નગરજનોનો ઉત્સાહ વધ્યો હોવાનો રાજીપો વ્યકત કર્યો હતો. એસોસિએશનના ઉરેન પટેલે આ તબક્કે જણાંવ્યુ હતુ કે સિનિયર સિટિઝનોને આ એકસ્પોના માધ્યમથી વિશેષ સમજ પુરી પાડવામાં આવશે. જેમાં સ્માર્ટ ફોનના ઉપયોગ સંદર્ભે યુવાનો તેમજ બુઝુર્ગો વચ્ચે સર્જાયેલી ખાઈ દુર કરવા માટે પણ પ્રયાસો કરવામાં આવશે. ગાંધીનગર કોમ્પયુટર હાર્ડવેર એસોસિએશન દ્વારા આયોજિત એકસ્પોમાં કોમ્પયુટર,હાર્ડવેર,સોફ્ટવેર સહિતની અનેક વિધ આઈ ટી ઉદ્યોગની બનાવટોનુ નિદર્શન તેમજ વેચાણ કરવામાં આવશે. આઈ ટી એકસ્પો તા ૨૭ ડીસેમ્બર સુધી ચાલશે.આઈ ટી એકસ્પોમાં ૬૬ જેટલા સ્ટોલ્સ કાર્યરત છે.

માસ્ટર સ્ટ્રોક.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

આશરે ૪૦ મિનિટનો સમય લાગ્યો હતો. લાહોર વિમાની મથકે સામાન્ય વિમાનોની ઉડાનને રોકવામાં આવી હતી. મોદી પાકિસ્તાનના વડાપ્રધાન નવાજ શરીફનાં પ્રાચીન આવાસ પર પહોચ્યા હતા.

સાધનાનું નિધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

બોલિવુડમાં પણ આઘાતનુ મોજુ ફરી વળ્યુ છે. ગયા વર્ષે સાધનાએ ટ્યુમરની સારવાર કરાવી હતી. આના માટે તેને સારવાર હાલ અપાઈ હતી. સાધના શિવદાસાની પોતાની કેરિયરમાં અનેક યાદગાર ફિલ્મમાં કામ કરી ચુકી છે.

ઐતિહાસિક સંબોધન

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુરક્ષા સહકાર સહિત વિવિધ પાસા પર ચર્ચા વિચારણા કરી હતી.

ભારતે અફઘાનિસ્તાનને બેઅબજ ડોલરની મદદ કરવાની પણ જાહેરાત કરી હતી. મોદીએ સંસદ ભવનનુ ઉદ્ઘાટન કર્યુ હતુ. જેને ભારત દ્વારા નવ કરોડ ડોલરના ખર્ચેતૈયાર કરવામાં આવ્યુ હોવાના અહેવાલ મળ્યા છે. અફઘાનિસ્તાનના ફેરનિર્માણમાં સહકાર કરવાના ઈરાદા સાથે વર્ષ

૨૦૦૭માં આ સંસદ ભવન યોજનાની શરૂઆત કરવામાં આવી હતી. આ યોજના શરૂઆતમાં ચાર કરોડ ૫૦ લાખ ડોલરની અંદાજિત રકમ સાથે શરૂ કરવામાં આવી હતી.

કૃષિ મહોત્સવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં પશુધનની જાળવણી અને નિભાવણી અંગે પણ વિશેષ માર્ગદર્શન આપવા ઉપરાંત કૃષિ ક્ષેત્રની વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભોનું વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત કૃષિ ક્ષેત્રે નવી ટેકનોલોજી અને વધુ ઉત્પાદન કેવી રીતે મેળવી શકાય જેવા વિષયોને આવરી લઈ પણ ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવનાર છે.

જિલ્લામાં રવિ કૃષિ મહોત્સવની ઉજવણી માટે તંત્રએ તેની તૈયારીઓ વેગીલી બનાવી દીધી છે. આ કૃષિ મહોત્સવમાં બાગાયતી પાકોના વાવેતર અંગે પણ વિશેષ જાણકારી આપવા ઉપરાંત કિસાન ક્રેડીટ કાર્ડનું પણ વિતરણ કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

બેગની ઉઠાંતરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પાછળના દરવાજા પાસે પાર્ક કરીને ચંપકલાલ શાહ દર્શન કરવા ગયા અને પરત ફર્યા ત્યાં સુધીમાં તેમના મોપેડ પર લગાવેલ એક થેલી ગાયબ થઈ ગઈ હતી. રોકડ રૂ.૪૭.૬૦૦ તથા સોનાના પાંચ પેંન્ડલ, ૨૦૦ ગ્રામ ચાંદી ઉપરાંત ચેકબુક, પાસબુક સહિતના કાગળો બેગમાં પડ્યા હતા. આ જ ચોરાયેલી બેગ પડોશીના મકાન નજીકથી મળી આવતા શાહ ચંપકલાલ પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. બેગ તપાસતા તો તેમાં કિંમતી સામાન જ ન હતો. બીજા બધા કાગળો પડ્યા હતા. ચોરીના આ અજીબોગરીબ બનાવ અંગે ચંપકલાલે સેકટર-૨૧ પોલીસ મથકમાં જાણવાજોગ નોંધાવી છે.

વોક ઇન ઇન્ટરવ્યુ

વાપ્કોસ લી. પ્રોજેક્ટ ઓફિસ, ગાંધીનગર

વાપ્કોસ લી. - ભારત સરકારના ઉપક્રમને ડિઝાઈન, ટેન્ડરીંગ અને PMCના ચાલુ અને નવા મળનારા કામ માટે એક થી પાંચ વર્ષ સુધીના કામના અનુભવી સીનીયર ઈજનેર / ઈજનેરો / ડ્રાફ્ટસમેન - બી.ઈ. સીવીલ / ડીપ્લોમા સીવીલ ઈજનેરની પેસ્કેલ / કોન્ટ્રાક્ટ તાત્કાલિક જરૂર છે. રસ ધરાવનાર ઉમેદવારોએ રૂબરૂ ઈન્ટરવ્યુ માટે નીચે દર્શાવેલ સરનામે બધા જ ઓરિજીનલ ડોક્યુમેન્ટ અને પ્રમાણિત નકલ સાથે તા. ૨૮-૧૨-૨૦૧૫ના રોજ બપોરે ૨.૦૦ થી ૪.૦૦ કલાક દરમિયાન હાજર રહેવું. ૨૩૦/એ, સેક્ટર-૭/એ, ગાંધીનગર-૩૮૨૦૦૭. મો. ૭૫૭૩૮૫૮૩૮૪.

અધિક મુખ્ય ઇજનેર